શ્રી મહાત્મા ગાંધી સરકારી કુમાર છાત્રાલય, રાજકોટના યુનિટ-૧ અને યુનિટ-૨ના નવા બાંધકામ માટે વહીવટી મંજૂરી તેમજ કન્ટીન્જન્સી ફંડમાંથી ખર્ચ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/1546/G Section
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૦૯/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૩/૦૮/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/સછા/૨૦૨૪-૨૫/૬૧૬૫

**આમુખ:**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓની જેમ શિક્ષણની તક મળે તેમજ તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તે માટે રાજ્યભરમાં સરકારી છાત્રાલયો(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૧૧ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમો માટે રહેવા, જમવાની સુવિધા નિ:શુલ્ક આપવામાં આવે છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૩/૦૮/૨૦૨૪ના પત્રથી સદર છાત્રાલયના યુનિટ-૧ના નવા બાંધકામ માટે રૂ.૧૩૭૪.૦૦/- લાખ તેમજ જર્જરિત યુનિટ-૨ના નવા બાંધકામ માટે રૂ.૧૩૬૯.૦૦/- લાખ એમ કુલ રૂ.૨૭૪૩.૦૦/- લાખની કન્ટીન્જન્સી ફંડમાંથી ખર્ચ કરવા માટે વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, શ્રી મહાત્મા ગાંધી સરકારી કુમાર છાત્રાલય, રાજકોટના જર્જરિત યુનિટ-૧ના નવા બાંધકામ માટે રૂ.૧૩૭૪.૦૦/- લાખ તેમજ સદર છાત્રાલયના જર્જરિત યુનિટ-૨ના નવા બાંધકામ માટે રૂ.૧૩૬૯.૦૦/- લાખ એમ કુલ રૂ.૨૭૪૩.૦૦/- લાખની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

સદર વહીવટી મંજૂરી પૈકી યુનિટ-૧ માટે રૂ.૧૩૭૪.૦૦/- લાખ તેમજ યુનિટ-૨ માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૧૩૭.૦૦/- લાખ એમ કુલ રૂ.૧૫૧૧.૦૦/- લાખની ખાસ કિસ્સામાં કન્ટીન્જન્સી ફંડમાંથી ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Sep-2024 (04:56 PM)

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) બાકીની રકમનો આગામી વર્ષમાં ચાલુ બાબત તરીકે સમાવેશ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ઈ- ફાઈલ પર નાણા વિભાગની તા.૧૦/૦૯/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Sep-2024 (04:56 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.રાજકોટ
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સેક્શન અધિકારીશ્રી(ક શાખા), નાણા વિભાગ, સચિવાલય.
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪